# રોબોટ્સની સાઈડ ઈફેક્ટ્સ, ચીનમાં રોબોટ અને ડ્રોનથી વાહનચાલકો પરેશાન

ટેક-ટોક

★ આનંદ ગાંધી

તમે ક્યારેય વિચાર્યું છે કે અત્યારે રોબોટિક ડિલિવરીની જે વાત મજેદાર લાગે છે તે પરેશાનીનું કારણ બની શકે છે. ચીનમાં ઓટોમેશનના ચક્કરમાં સરકારે ડ્રોન અને રોબોટ્સને આડેધડ પરવાનગી તો આપી દીધી. હવે લોકો પારાવાર પરેશાન થઈ ગયા છે.

ચીનમાં 2025ના અંતે પાંચ હજાર રોબોટિક્સ વાહનો અને ડ્રોન ફૂડ ડિલિવરી, સામાન ડિલિવરીનું કામ કરતા હતા. આ રોબોટ્સ અને ડ્રોન ટેક્સી એઆઈથી સજ્જ હોવાથી કંપનીઓને એનાથી સામાન અને ફૂડ ડિલિવરીનું કામ આસાન રહે છે. હ્યુમન એરર નિવારી શકાય છે. માણસો ડિલિવરીમાં જે ગલ્લા-તલ્લાં કરે છે અને મોડું કરે છે એનાથી કંપનીઓની ઈમેજ ખરાબ થાય છે. તેના બદલે કંપનીઓએ સર્વિસ સુધારવાના ભાગરૂપે રોબોટ્સને કામ સોંપવા માંડ્યું.

માનવરહિત વાહનોથી ચીનમાં ડિલિવરી શરૂ થઈ ત્યારે ન્યૂઝ બન્યા હતા. દુનિયા આખીમાં એની ચર્ચા થઈ હતી. આમેય ચીનને સીધી અમેરિકા સાથે સ્પર્ધા છે એટલે ચીન સતત ટેક્નોલોજીમાં આગળ રહેવાના પ્રયાસો કરે છે. તેના કારણે ચીનના લોકોને પણ આ સ્વયં સંચાલિત ડ્રોન અને રોબોટિક્સ વાહનોમાંથી સામાન આવતો હતો તેની મજા આવતી હતી.

હવે આ મજા જ સજા બની ગઈ છે. છ-સાત મહિનામાં જ માનવરહિત રોબોટિક્સ વાહનોની સંખ્યા 15 હજારની નજીક પહોંચી ગઈ છે અને હવે રસ્તાઓમાં આવા માલવાહક વાહનો હાહાકાર મચાવી રહ્યા છે. તેને શોર્ટ ડિલિવરી વ્હીકલ કહેવામાં






આવે છે તેનાથી એક બાજુ ચીનમાં ડિલિવરી ઓટોમેશન થઈ જતાં ડિલિવરી પર્સન્સની નોકરીઓ જોખમમાં મૂકાઈ ગઈ છે, જોખમમાં શું? નોકરીઓ ગુમાવવી જ પડી છે. આવા હજારો યુવાનો નવી નોકરીની તલાશમાં લાગ્યા છે. બીજી તરફ શહેરોમાં રોબોટિક્સ માલવાહનો વધી જતાં રસ્તામાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. અસંખ્ય વાહન ચાલકો તેની ફરિયાદ કરવા લાગ્યા છે. એમાંય ત્રણ-ચાર લાખની વસ્તી ધરાવતા નાના શહેરોમાં વધારે મુશ્કેલી થઈ રહી છે.

એક વર્ષ પહેલાં રોબોટિક્સ વાહન અને ડ્રોન્સથી છ કરોડ ક્વિક ડિલિવરી થઈ હતી. આ આંકડો કદાચ આ વર્ષના અંતે ત્રણ ગણો થઈ જાય તો નવાઈ પામવા જેવું નથી. વુહાન જેવા શહેરોમાં ઓટોટેક્સીનું પ્રમાણ વધ્યું છે અને હવે 2000 આવા વાહનો દોડી રહ્યા છે. તે વાહનોના કારણે ટ્રાફિકથી પરેશાન થયેલા ડ્રાઈવરોએ સ્થાનિક ટ્રાફિક અધિકારીઓને રજૂઆત કરી હતી. બીજા શહેરોમાં પણ સામાનની હેરફેર કરતાં ડ્રાઈવરો સંગઠિત થઈ રહ્યા છે. વુહાન જેવા ઘણાં શહેરોમાં દેખાવો પણ થઈ ચૂક્યા છે.

ચીનની સરકાર સુધી ફરિયાદો પહોંચી પછી હવે સરકારે નવા લાઈસન્સ માટે થોડો વખત બ્રેક લગાવવાનું નક્કી કર્યું છે, પરંતુ અગાઉ જે લાઈસન્સ આપી દેવાય છે એનું પ્રમાણ જ એટલું વધારે છે કે વાહન વ્યવહાર પર તેની વ્યાપક અસર થઈ રહી છે. શહેરોમાં એક સ્થળેથી બીજા સ્થળે સામાન લઈ જતાં અને મૂકવા જતાં લોડિંગ વાહનો ચલાવતા અઢી કરોડ ડ્રાઈવરો છે. ફૂડ ડિલિવરી અને ક્વીક કોમર્સની ડિલિવરીમાં ઓટોમેશન થઈ જતાં જે રીતે ડિલિવરીના ક્ષેત્રમાં અનેક લોકો બેરોજગાર બન્યા છે એમ આ ડ્રાઈવરોની નોકરી પણ જોખમમાં મૂકાઈ છે. એ ડ્રાઈવરોની નોકરી બચાવવા સરકારે નવું નોટિફિકેશન આપ્યું છે. નવી સૂચના એવી છે કે ડ્રાઈવરોને નોકરીમાંથી હાંકી કાઢવામાં આવશે તો સરકાર કાર્યવાહી કરશે. નોકરીઓના ભોગે ઓટોમેશન ન કરો એવી તાકીદ થઈ છે. શાંઘાઈ જેવા શહેરોમાં તો ડ્રાઈવરોને જ ફૂડ ડિલિવરીના રોબોટિક્સ વાહનોના સંચાલનનું કામ શીખવવામાં આવી રહ્યું છે. ચીનમાં પાંચ વર્ષમાં 7 લાખ રોબોટેક્સી દોડતી હશે એવો અંદાજ છે. ભલે આ રોબોટેક્સી શોર્ટ ડિલિવરી માટે હશે, તેમ છતાં

**છ-સાત મહિનામાં જ માનવરહિત રોબોટિક્સ વાહનોની સંખ્યા 15 હજારની નજીક પહોંચી ગઈ છે અને હવે રસ્તાઓમાં આવા માલવાહક વાહનો હાહાકાર મચાવી રહ્યા છે. તેને શોર્ટ ડિલિવરી વ્હીકલ કહેવામાં આવે છે તેનાથી એક બાજુ ચીનમાં ડિલિવરી ઓટોમેશન થઈ જતાં ડિલિવરી પર્સન્સની નોકરીઓ જોખમમાં મૂકાઈ ગઈ છે**

શહેરોમાં એનાથી ટ્રાફિકની સમસ્યા બેકાબૂ બને તેવી ભીતિ છે.

ફૂડ અને ક્વીક કોમર્સની ડિલિવરીમાં રોબોટિક્સ વાહનોની સફળતાથી પ્રેરાઈને ઘણી કંપનીઓ લોડિંગ વાહનોને પણ રોબોટિક્સ વાહનોથી રિપ્લેસ કરવાની વેતરણમાં છે. બે શહેરો વચ્ચે જે સામાનની હેરફેર થાય છે તે પણ જો રોબોટેક્સીથી થવા માંડે તો લોડિંગ વાહનો ઈતિહાસ બની જાય. એવું ન થાય તે માટે હાલ પૂરતી ચીનની સરકારે લોડિંગ વાહનોને રિપ્લેસ ન કરવાની પોલિસી બનાવીને નવા લાઈસન્સ પર બ્રેક મારી છે, પરંતુ ચીનમાં રોબોટ્સ અને ડ્રોનની આ સાઈડઈફેક્ટ દુનિયા માટે ઉદાહરણ બની શકે તેમ છે. ટેક્નોલોજી અપનાવવાના ચક્કરમાં રોબોટેક્સીને રસ્તા પર પરવાનગી આપી દેવાથી ભવિષ્યમાં મોટી અંધાધૂંધી સર્જાવાની શક્યતા નકારી શકાતી નથી.

---

કેફિયત

★ હનીફ મહેરી



## ઝુક કર સલામ કરને મેં ક્યા હર્જ હૈ મગર
## સર ઈતના મત ઝુકાઓ કિ દસ્તાર ગિર પડે

**-ઈક઼બાલ અઝીમ**

નમીને પ્રણામ કરવામાં શું પરેશાની છે છતાં માથું એટલું ન ઝુકાવો કે પાઘડી પડી જાય. માથા પરની પાઘડી પડી જાય એટલું કોઈ સામે ઝૂકવું ન જોઈએ. માથા પરની પાઘડી (દસ્તાર) એટલે તમારી ખુમારી, તમારી આબરૂ, તમારી ખુદ્દારી અને ખાસ તો તમારું સ્વમાન. જેના ભોગે કશું નહિ ખપે. આમ તમારે એટલો જ વિવેક બતાવવો જોઇએ કે જેમાં તમારું સ્વાભિમાન પણ સલામત રહે. એટલું નહિ ઝૂકો કે તમારી પાઘડી માથા પરથી નીચે પડી જાય. તમારે આત્મસન્માન જાળવીને જ બીજાને સન્માન આપવું જોઇએ. કોઈને પણ તમારે આદર આપવો હોય તો તેના માટે કોઈને પરેશાની (હર્જ) ન હોય પરંતુ કોઈને આદર આપવામાં એટલા બધા ઝૂકી જવાની જરૂર નથી કે જેના કારણે તમારું આત્મગૌરવ પણ નહિ રહે. આપણા સન્માનને જાળવી રાખો. આ સન્માન જ તમને જીવવા માટે આત્મબળ પૂરું પાડે છે. તમારા આત્મસન્માનના ભોગે કંઇ પણ મળે તે તમારા માટે આખરે તો નુકસાનકારક જ છે. આમ એટલું નહિ ઝૂકો કે તમારી પાઘડી પડી જાય. પાઘડી માથે રહે તે રીતે જ કોઈને પણ આદર આપો. માથું ઝુકાવીને પ્રણામ કરો તો તમારા ઇશ્વરને કરો. તેની સામે ઝૂકવાથી તમારું સન્માન વધશે. બીજાની સામે ઝૂકવાની જરૂર નથી. આમ પણ જે લોકો ઇશ્વરમાં આસ્થા રાખે છે તેને બીજે ઝૂકવાની જરૂર નહીં પડે. તમારા આત્મસન્માનની રક્ષા સર્વશક્તિમાન ઇશ્વર ખુદ કરતા હોય છે. એટલા માટે તમારું ગૌરવ જાળવીને બીજાને આદર આપતા રહો તો તમારી પાઘડી સલામત રહેશે.